RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 229, Dt.14-12-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સોમવારે લોકસભામાં 'વન નેશન વન ઈલેક્શન' બિલ રજૂ થશે

## કાયદા મંત્રી અર્જુનરામ મેઘવાલ આ બિલ રજૂ કરશેઃ સરકાર આ બિલને લાંબી ચર્ચા અને સર્વસંમતિ બનાવવા માટે સંયુક્ત સંસદીય સમિતિને મોકલશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ સોમવારે લોકસભામાં વન નેશન વન ઈલેક્શન બિલ રજૂ કરશે. સરકારી સૂત્રોનું કહેવું છે કે આ બિલને જેપીસીને ચર્ચા માટે મોકલવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર સરકાર આ બિલને લાંબી ચર્ચા અને સર્વસંમતિ બનાવવા માટે સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ને મોકલશે. જેપીસી તમામ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે વિગતવાર ચર્ચા કરશે અને આ પ્રસ્તાવ પર સામૂહિક સર્વસંમતિની જરૂરિયાત પર ભાર મૂકશે.

હાલમાં દેશના અલગ-અલગ રાજ્યોમાં અલગ-અલગ સમયે ચૂંટણી યોજાય છે. કાયદો બન્યા બાદ દેશમાં એક સાથે ચૂંટણી કરાવવાની તૈયારીઓ ચાલી રહી છે. જો કે, સરકારના આ પગલાનો કોંગ્રેસ અને AAP જેવી ઘણી ભારતીય બ્લોક પાર્ટીઓએ વિરોધ કર્યો છે. વિપક્ષનો આરોપ છે કે આનાથી કેન્દ્રમાં સત્તાધારી પક્ષને ફાયદો થશે. નીતિશ કુમારના JD(U) અને ચિરાગ પાસવાન જેવા NDAના મુખ્ય સાથીઓએ એક સાથે ચૂંટણી યોજવાનું સમર્થન કર્યું છે. એક દેશ, એક ચૂંટણીને વારંવાર ચૂંટણીઓ સાથે સંકળાયેલા ખર્ચ અને વિક્ષેપોને ઘટાડવા માટે એક મહત્વપૂર્ણ સુધારા તરીકે જોવામાં આવે છે. વન નેશન, વન ઈલેક્શન પર



વિચારણા કરવા માટે રચાયેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ જણાવ્યું કે ૩૨ રાજકીય પક્ષોએ આ પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું, જ્યારે ૧૫ પક્ષોએ તેનો વિરોધ કર્યો હતો. આ ઉચ્ચ સ્તરીય સમિતિના અધ્યક્ષ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ હતા. રામનાથ કોવિંદે ઓક્ટોબરમાં ૭મા લાલ બહાદુર શાષી મેમોરિયલ લેક્ચર દરમિયાન કહ્યું હતું કે ૧૫ વિરોધી પક્ષોમાંથી ઘણાએ અગાઉ વન નેશન, વન ઈલેક્શનના વિચારને સમર્થન આપ્યું હતું. પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે આ રિપોર્ટ તૈયાર કરવામાં લગભગ ૬ મહિનાનો સમય લાગ્યો છે. આમંત્રણ માટે ૩ મહિના લાગ્યા. પછી અમે વાતચીત શરૂ કરી. ૨ મહિના માટે રોજિંદા ધોરણે ક્રિયા-તિક્રિયા. આ રિપોર્ટમાં ૧૮ હજારથી વધુ પેજ છે. મને જાણ કરવામાં આવી હતી કે આજ સુધી ભારત સરકારની કોઈ કમિટીએ આટલો મોટો રિપોર્ટ આપ્યો નથી. આ અહેવાલ ૨૧ ગ્રંથોમાં બનાવવામાં આવ્યો છે. આ માટે અમે લોકો પાસેથી સૂચનો માંગ્યા હતા. આ માટે ૧૬ ભાષાઓમાં ૧૦૦થી વધુ જાહેરાતો આપવામાં આવી હતી. ૨૧૦૦૦ લોકોએ આનો જવાબ આપ્યો. ૮૦ ટકા લોકો તેની તરફેણમાં હતા. આ સિવાય અમે પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનરને પણ ફોન કર્યો હતો. FICCI, ICC, બાર કાઉન્સિલના પ્રતિનિધિઓને પણ બોલાવવામાં આવ્યા હતા. પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે ભારતમાં ચૂંટણી કરાવવા માટે ૫ થી ૫.૫ લાખ કરોડ રૂપિયા ખર્ચવામાં આવે છે. જો આ બિલ લાગુ થશે તો એકસાથે ચૂંટણી કરાવવા માટે માત્ર ૫૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આનાથી ઘણી બચત થશે. બાકીના નાણાંનો ઉપયોગ ઔદ્યોગિક વિકાસ માટે કરવામાં આવશે. એકંદરે આ બિલ અમલમાં આવ્યા બાદ દેશની જીડીપીમાં અંદાજે એકથી દોઢ ટકાનો વધારો થવાની સંભાવના છે. આવી સ્થિતિમાં વન નેશન, વન ઈલેક્શન ભારત માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે.

## ગાંધીધામમાંથી પકડાયેલ નકલી ED ટીમનો સૂત્રધાર આપ નેતા : ગૃહમંત્રીએ પોસ્ટ મૂકી

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

બોલિવૂડ ફિલ્મ નસ્પેશિયલ ૨૬થની માફક ઈન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટની નકલી ટીમે ગાંધીધામ સ્થિત જ્વેલર્સની પેઢીમાં દરોડો પાડ્યો હતો. આ મામલે પોલીસે ૧૩ પૈકી ૧૨ આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે એક આરોપી હજુ પણ ફરાર છે. આ નકલી ઊઉની ટીમનો મુખ્ય સુત્રધાર અબ્દુલ સત્તાર તરીકે થઈ છે, જે આમ આદમી પાર્ટીનો નેતા હોવાનું કહેવાય છે.આ મામલે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોતાના સત્તાવાર ટ્વીટર પર પોસ્ટ મૂકી છે. જેમાં તેમણે લખ્યું છે કે, અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીની વધુ એક કરતૂત સામે આવી છે. ગુજરાતમાં અઅઙ પાર્ટીના નેતા ઊઉની નકલી ટીમ બનાવી. જેના લીડર બનીને લોકોને લૂંટ્યા.

કચ્છમાં ઝડપાયેલી ઊઉની નકલી ટીમનો સુત્રધાર ગુજરાત આમ આદમી પાર્ટીનો નેતા નીકળ્યો. આ સાથે જ ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પોતાની પોસ્ટમાં ધરપકડ કરવામાં આવેલા આરોપીઓનો વીડિયો અને અરવિંદ કેજરીવાલ સાથે આરોપીનો ફોટો શેર કર્યો છે. આમ આદમી પાર્ટીએ હર્ષ સંઘવીના આરોપ નકાર્યા.બીજી તરફ આમ આદમી પાર્ટીના ગુજરાત યુનિટે હર્ષ સંઘવીના આરોપોને ફગાવ્યા છે. અઅઙએ વીડિયો જારી કરીને જણાવ્યું કે, હર્ષ સંઘવીએ ખોટું ટ્વીટ કર્યું છે કે, ઊઉનો નકલી અધિકારી આમ આદમી



પાર્ટીનો કાર્યકર હતો. આ આરોપ પાયાવિહોણા છે.

જણાવી દઈએ કે, ગત ૨ ડિસેમ્બરના રોજ સવારે ગાંધીધામમાં આવેલ રાધિકા જ્વેલર્સ નામની દુકાન ખોલતાની સાથે જ એક મહિલા સહિત ૧૩ જણાની ટીમે ઊઉના અધિકારી તરીકેની ઓળખ આપીને દરોડો પાડ્યો હતો. આ દરમિયાન જ્વેલર્સ પેઢીના માલિકોનું ધ્યાન ચૂકવીને ઊઉની નકલી ટીમમાં આવેલી મહિલાએ એક સોનાનું બિસ્કિટ અને ૬ સોનાના બ્રેસલેટ પોતાની બેગમાં સરકાવી દીધા હતા.

## સુપ્રીમ કોર્ટમાં જાહેરહિતની અરજી : દહેજ અને ઘરેલું હિંસા કાયદાની સમીક્ષા કરવા માંગ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

બેંગલુરુમાં ૩૪ વર્ષીય એન્જિનિયરની આત્મહત્યા અંગે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં દહેજ અને ઘરેલુ હિંસા સંબંધિત હાલનાં કાયદાઓની સમીક્ષા કરવા અને સુધારવા માટે નિષ્ણાતોની એક સમિતિ બનાવવાની માંગ કરવામાં આવી છે, જેથી કાયદાનો દુરુપયોગ અટકાવી શકાય.

એડવોકેટ વિશાલ તિવારીએ દહેજ અને ઘરેલુ હિંસા સંબંધિત હાલનાં કાયદાઓની સમીક્ષા કરવા માટે સુપ્રીમ કોર્ટનાં ભૂતપૂર્વ ન્યાયાધીશો, વકીલો અને કાયદા નિષ્ણાતોની એક સમિતિ બનાવવાની માંગ કરી છે. આ ઉપરાંત લગ્ન નોંધણી વખતે આપવામાં આવતી ભેટ-સોગાદોની નોંધ રાખવાની સૂચના આપવા પણ માંગણી કરવામાં આવી છે.

કોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં ૨૦૧૦ ના એક કેસમાં સુપ્રીમ કોર્ટનાં અવલોકનોને અમલમાં મૂકવાની પણ માંગ કરવામાં આવી હતી, જેમાં કોર્ટે આઈપીસીની કલમ ૪૯૮એ ના દુરુપયોગ પર પ્રકાશ પાડ્યો હતો. તાજેતરનાં આત્મહત્યાનાં કેસને ટાંકીને અરજીમાં કહેવામાં આવ્યું છે કે વર્તમાન કાયદાની સમીક્ષા કરવાનો અને તેને સુધારવાનો સમય આવી ગયો છે, જેથી તેનો દુરુપયોગ અટકાવી શકાય.

એન્જિનિયર અતુલ સુભાષના આત્મહત્યાનાં કેસમાં, બેંગલુરુ પોલીસે તેમની પત્ની નિકિતા સિંઘાનિયાના ઘરે નોટિસ ચોંટાડી છે. આ કેસમાં નિકિતા



પણ આરોપી છે. સબ-ઈન્સ્પેક્ટર સંજીત કુમારના નેતૃત્વમાં ચાર સભ્યોની ટીમ શુક્રવારે સવારે ૧૧ વાગ્યે ખોવા મંડી રિઝવી ખાન મોહલ્લામાં નિકિતાના ઘરે પહોંચી અને નોટિસ ચોંટાડી હતી.

સીઓ આયુષ શ્રીવાસ્તવના જણાવ્યાં અનુસાર, બેંગલુરુ પોલીસે એક નોટિસ જારી કરીને કહ્યું હતું કે પનિકિતા સિંઘાનિયાએ તેનાં પતિ અતુલ સુભાષના મૃત્યુ અંગે પૂછપરછ માટે ત્રણ દિવસમાં બેંગલુરુના મરાઠાહલ્લી પોલીસ સ્ટેશનમાં તપાસ અધિકારી સમક્ષ હાજર થવું. નોટિસમાં માત્ર નિકિતાનો જ ઉલ્લેખ છે.

## લાલકૃષ્ણ અડવાણી ICUમાં દાખલઃ હાલ સ્વાસ્થ્ય સ્થિરઃ જે.પી નડ્ડાએ ડોકટરો સાથે વાત કરી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીની તબિયત ફરી એક વખત લથડી છે. તેમને શનિવારે (૧૪મી ડિસેમ્બર) દિલ્હીની એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ તેમની હાલત સ્થિર હોવાનું કહેવાય છે. આ દરમિયાન કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે.પી. નડ્ડાએ અપોલો હોસ્પિટલમાં દાખલ લાલકૃષ્ણ અડવાણીના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરી હતી. તેણે એપોલો હોસ્પિટલના ડોક્ટર સાથે ફોન પર વાત પણ કરી છે. લાલકૃષ્ણ અડવાણીને એક મહિના પહેલા ૨૬મી જૂન રાત્રે વાગ્યે તેમને દિલ્હી એમ્સના યુરોલોજી વિભાગમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ડો. અમલેશ શેઠની દેખરેખ



હેઠળ તેની સારવાર કરવામાં આવી હતી અને બીજા દિવસે રજા આપવામાં આવી હતી. ભાજપના વરિષ્ઠ લાલકૃષ્ણ અડવાણી છેલ્લા કેટલાક સમયથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓથી ઝઝુમી રહ્યા છે. આ જ કારણ છે કે આ દિવસોમાં તેઓ પોતાના ઘરે જ રહે છે અને કોઈ પણ જાહેર કાર્યક્રમમાં હાજરી આપતા નથી. એલ. કે. અડવાણીને આ વર્ષે દેશના સર્વોચ્ચ સન્માન ભારત રત્નથી પણ નવાજવામાં આવ્યા હતા. પરંતુ સ્વાસ્થ્યના કારણોસર તેઓ રાષ્ટ્રપતિ ભવન ખાતેના કાર્યક્રમમાં હાજર રહી શક્યા ન હતા. તેમને તેમના નિવાસસ્થાને જ ભારત રત્ન આપવામાં આવ્યો હતો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ૩૦મી માર્ચે તેમના નિવાસસ્થાને ગયા હતા અને તેમને પભારત રત્નથ એનાયત કર્યો હતો.

## અલ્લુ અર્જુને જેલમાં રાત વિતાવી :સવારે જામીન પર છુટકારો

**મુખ્ય સમાચાર, હૈદરાબાદ**

પુષ્પા ૨ઃ ધ રૂલ પ્રીમિયર શો દરમિયાન એક મહિલાના મળત્યુના સંબંધમાં લોકપ્રિય ટોલીવુડ અભિનેતા અલ્લુ અર્જુનને શનિવારે સવારે ચંચલગુડા સેન્ટ્રલ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. અભિનેતાને શુક્રવારે સાંજે તેલંગાણા હાઈકોર્ટ દ્વારા વચગાળાના જામીન આપવામાં આવ્યા હતા, જ્યારે નીચલી અદાલતે તેને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધો હતો. જેલ સત્તાવાળાઓ દ્વારા જામીન મેળવવામાં વિલંબને કારણે તેને જેલમાં જ રાત વિતાવવી પડી હતી. જેલ સત્તાધીશોએ રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેતાને જેલના પાછળના દરવાજેથી મુક્ત કર્યો હતો. તેને એસ્કોર્ટ વાહનમાં મોકલવામાં આવ્યો હતો. અભિનેતા સીધો ગીતા આર્ટસની ઓફિસે પહોંચ્યો હતો. બાદમાં તેઓ જ્યુબિલી હિલ્સ સ્થિત તેમના નિવાસસ્થાને પહોંચ્યો હતો

આ પહેલા શુક્રવારે રાત્રે તેની મુક્તિને લઈને સસ્પેન્સ હતું. જેલ અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમને જામીનનો આદેશ મોડી રાત્રે મળ્યો હતો અને જેલ મેન્યુઅલ મુજબ કેદીઓને રાત્રે મુક્ત કરી શકાતા નથી, અભિનેતાને બીજા દિવસે સવારે મુક્ત કરવામાં આવશે. અલ્લુ અર્જુન, જેને શુક્રવારે રિમાન્ડ પર લેવામાં આવ્યો હતો, તેણે નામપલ્લી કોર્ટ દ્વારા આપવામાં આવેલ વિશેષ દરજ્જા હેઠળ મંજીરા બ્લોકમાં રાત વિતાવી હતી.

તેલંગાણા હાઈકોર્ટે તેને પહેલા જ દિવસે વચગાળાના જામીન આપી દીધા હતા, પરંતુ પ્રક્રિયામાં થોડો વિલંબ અને અન્ય કારણોસર તે મુક્ત થઈ શકયો ન હતો. હૈદરાબાદમાં તેની ફિલ્મ પુષ્પા ૨ઃ ધ રૂલના પ્રીમિયર દરમિયાન નાસભાગ દરમિયાન એક મહિલાનું મોત થયું હતું. આ કેસમાં અલ્લુ અર્જુનની ધરપકડ કરવામાં આવી હતી.

અભિનેતા અલ્લુ અર્જુનના વકીલ અશોક રેડ્ડીએ કહયું કે તેમને હાઈકોર્ટમાંથી આદેશની કોપી મળી છે પરંતુ તેમ છતાં તેમણે આરોપી (અલ્લુ અર્જુન)ને છોડયા નથી. તેઓએ જવાબ આપવો પડશે. આ ગેરકાયદેસર અટકાયત છે, અમે કાયદેસરની કાર્યવાહી કરીશું. હાલ અલ્લુ



અર્જુનને રિલીઝ કરવામાં આવ્યો છે.પ્રીમિયર શોમાં નાસભાગમાં મળત્યુ પામેલી મહિલાના પતિનું કહેવું છે કે તે પોતાનો કેસ પાછો ખેંચવા તૈયાર છે. થિયેટરમાં આવવામાં અલ્લુ અર્જુનની કોઈ ભૂલ નથી. અકસ્માતમાં ઘાયલ થયેલા તેમના આઠ વર્ષના પુત્રની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. અલ્લુએ ૩૫ વર્ષીય મળતક રેવતીના પરિવારને વળતર તરીકે ૨૫ લાખ રૂપિયાની જાહેરાત કરી દીધી છે. આ દરમિયાન મેગાસ્ટાર ચિરંજીવી સાંજે ભત્રીજા અલ્લુના ઘરે પહોંચ્યા. અભિનેતા વરુણ ધવન, ફિલ્મ નિર્માતા અશોક પંડિતે પણ અલ્લુને સમર્થન આપ્યું છે.

## કેનેડાએ નવેસરથી દસ્તાવેજો માંગ્યા બાદ ત્યા રહેતા ભારતીય વિદ્યાર્થીઓ મુંઝવણમાં

### નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને સમસ્યાઓ ટાળવા અને વિઝા કેન્સલ ન થાય તે માટે દસ્તાવેજો સબમિટ કરવાની સલાહ આપી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેનેડામાં અભ્યાસ કરતાં ભારતીય વિદ્યાર્થીઓએ માર્કસ અને હાજરી સહિતનાં મહત્ત્વનાં દસ્તાવેજો જેમ કે અભ્યાસ પરમિટ, વિઝા અને શૈક્ષણિક રેકોર્ડ્સ ફરીથી સબમિટ કરવા માટે ઈમેલ પ્રાપ્ત થયાં છે જે બાદ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ગભરાટ ફેલાઈ છે. આઈઆરસીસી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનાં ધસારાને નિયંત્રિત કરવા, કડક નાણાકીય જરૂરિયાતો રજૂ કરવા અને વિદ્યાર્થીઓનાં પ્રવેશ પર સંભવિત મર્યાદાઓનું અન્વેષણ કરવા માટે તેની નીતિઓને કડક બનાવી છે.કેનેડામાં અનુસ્નાતક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, નજ્ઞજ્યારે મને ઈમેલ મળ્યો ત્યારે મને થોડો આઘાત લાગ્યો હતો. મારો વિઝા ૨૦૨૬ સુધી માન્ય છે, તેમ છતાં મને મારાં તમામ દસ્તાવેજો ફરીથી સબમિટ કરવાનું કહેવામાં આવ્યું હતું. તેઓને હાજરી, માર્કસ, અમે ક્યાં પાર્ટ-ટાઈમ કામ કરીએ છીએ વગેરેનો પુરાવો પણ જોઈએ છે. કેટલાક વિદ્યાર્થીઓએ તેમનાં ઓળખપત્રો ચકાસવા માટે આઈઆરસીસી ઓફિસની રૂબરૂ મુલાકાત લેવા માટે પણ કહેવામાં આવ્યું હતું. ઓન્ટેરિયોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, નજ્ઞઘણાં વિદ્યાર્થીઓ મૂંઝવણમાં છે અને ચિંતિત છે.તાજેતરના વર્ષોમાં, કેનેડાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની નોંધણીમાં નોંધપાત્ર વધારો અનુભવ્યો છે, જેમાં ભારતીય વિદ્યાર્થીઓ નોંધપાત્ર છે. વિદેશ મંત્રાલયનાં



જણાવ્યાં અનુસાર, કેનેડામાં સૌથી વધુ સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ છે. ઘણાં વિદ્યાર્થીઓ સ્પષ્ટ સંદેશાવ્યવહાર પ્રદાન કરવા અને તેમની ચિંતાઓને દૂર કરવા આઈઆરસીસીને વિનંતી કરી રહ્યાં છે. આ દરમિયાન, નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને સંભવિત સમસ્યાઓ ટાળવા માટે દસ્તાવેજ સબમિટ કરવાની સલાહ આપી છે. ટોરોન્ટોમાં ઈમિગ્રેશન કન્સલ્ટન્ટે જણાવ્યું હતું કે, આ પગલું આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની સંખ્યાને નિયંત્રિત કરવા માટે કેનેડાની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ હોવાનું જણાય છે.

## ચાલુ વર્ષે સોનામાં દાયકાની સૌથી મોટી તેજી : ૨૦૨૫માં ધીમી પડશે

### વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલનો રિપોર્ટ : ચાલુ વર્ષે સોનામાં 30 ટકાનો ભાવવધારો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ચાલુ વર્ષે સોનાના ભાવની તેજીએ ઈન્વેસ્ટરોને માલામાલ કરી દીધા છે. ૩૦ ટકા જેવો જોરદાર ભાવવધારો છે અને છેલ્લા ૧૦ વર્ષનો આ સૌથી મોટો ભાવવધારો છે. પરંતુ ૨૦૨૫માં ફરી આવી તેજીનું પુનરાવર્તન થવાની શકયતા ઓછી છે. નવા કેલેન્ડર વર્ષમાં તેજી ધીમી પડી શકે છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલના રિપોર્ટમાં જણાવાયા પ્રમાણે ૨૦૨૪ સોના માટે ગોલ્ડન તેજીનુ બની રહ્યું હતું. અત્યાર સુધીમાં ૩૦ ટકાનો ભાવવધારો થયો છે. પરંતુ નવા વર્ષે વિકાસદર-મોંઘવારી જેવા કારણોથી તેજી ધીમી પડી શકે છે. અમેરિકાના નવનિયુક્ત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સતાકાળમાં ટ્રેડવોર તથા વ્યાજદર સંબંધી આશંકાઓથી ગ્રાહકો-ઈન્વેસ્ટરોની ડીમાંડ ઘટી શકે છે.

રિપોર્ટમાં એમ કહેવાયુ છે કે, દુનિયાભરની નજર અમેરિકા પર છે. ટ્રમ્પની બીજી ટર્મમાં આર્થિક અર્થતંત્ર પર ફોકસ થાય તેમ હોવાને કારણે વિશ્વભરના ઈન્વેસ્ટરોમાં અકળામણ છે.

ચાલુ વર્ષના પ્રથમ છ માસમાં દુનિયાની સેન્ટ્રલ બેંકોની ધૂમ ખરીદીથી ભાવ ભડકયા હતા. ભારત-ચીન સહિતની બેંકોએ મોટી ખરીદી કરી હતી. ઉપરાંત યુદ્ધના માહોલ તથા અમેરિકામાં વ્યાજદર ઘટાડાથી તેજીને ટેકો મળી ગયો હતો.

રિપોર્ટ અનુસાર કેટલીક બેંકો નવા વર્ષમાં પણ સોનામાં તેજીનો દોર આગળ વધવાની આશા રાખી રહી છે. સોનાનો ભાવ હાલ ૨૭૦૦ ડોલર આસપાસ છે



જે નવા વર્ષમાં ૨૯૦૦ કે ૩૦૦૦ ડોલર થવાની આગાહી કરવામાં આવી રહી છે. માર્કેટમાં ચીન પર નજર છે.

ચીનની ખરીદી ચાલુ રહે છે કે કેમ તે નિર્ણાયક બનશે. વૈશ્વિક સ્તરે વ્યાજદરમાં નોંધપાત્ર વધારો થવાના અથવા યુદ્ધનો માહોલ વધુ વકરવાના સંજોગોમાં પણ તેજી આગળ ધપી શકે છે.

# રાજકોટ શહેર પોલીસ દ્વારા ૪થો વાર્ષિક રમતોત્સવ-૨૦૨૪નું ભવ્ય આયોજન






(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્રર મહેન્દ્ર બગડીયા માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર પોલીસ પરીવારમાં સદભાવના કેળવાય તેમજ માનસિક અને શારીરીક ફિટનેસ જળવાઈ રહે અને પોલીસ અધિકારી/કર્મચારીઓ સ્ટેટ અને નેશનલ લેવલે પોલીસનુ નામ રોશન કરે તથા રમત ગમત ને પ્રોત્સાહન મળે તે હેતુથી તા. ૧૪/૧૨/૨૦૨૪ થી ૧૮/૧૨/૨૦૨૪ દિન-૦૫ માટે રાજકોટ શહેર પોલીસ ૪થો વાર્ષિક રમતોત્સવ-૨૦૨૪ નું આયોજન કરવામાં આવેલ છે. આ વાર્ષિક રમતોત્સવ ટ્રેક એન્ડ ફીલ્ડમાં ૦૯ ઈવેન્ટ, ટીમ ગેમમાં ૦૬ ઈવેન્ટ અને ઇન્ડોર ગેમ્સમાં ૦૪ ઈવેન્ટ નો સમાવેશ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૦૪ ટીમો બનાવવામાં આવેલ છે. (૧) ડીસીપી ક્રાઇમ (૨) ડીસીપી ઝોન-૧ (૩) ડીસીપી ઝોન-૨ (૪) ડીસીપી પીએચકયુ. રાજકોટ શહેર પોલીસના પુરૂષ/મહિલા અધિકારી/કર્મચારીઓ સહિત આશરે ૪૫૦ જેટલા ખેલાડીઓ ભાગ લઈ રહેલ છે. આ હરિફાઈની ઓપનીંગ સેરેમનીમાં મુખ્ય મહેમાન તરીકે રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા ઉપસ્થિત રહેલ જ્યારે અન્ય અધિકારીશ્રીઓમાં અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમપાર્થરાજસિંહ ગોહિલ, નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફિક પુજા યાદવ, નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૦૨ જગદીશ બાંગરવા નાઓ તેમજ તમામ એસીપી ઓ, પો.ઈન્સ.ઓ ઉપસ્થિત રહેલ હતા. રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ પોતાના ઉદબોધનમાં હરીફાઈમાં ભાગ લેનાર તમામ ટીમોનુ અભિવાદન કરી ખેલાડીઓને ખુબ મહેનત કરી ખેલદીલીથી રમત રમવા અને સારુ પ્રદર્શન કરવા જણાવેલ. પોલીસની નોકરીમાં સતત વ્યસ્ત રહેતા હોવા છતા ખેલાડીઓ ઉત્સાહથી ભાગ લઈ રહેલ છે. જે સારી બાબત છે. ગુજરાત પોલીસમાં શારિરીક ફિટનેસ અને શિસ્ત- ટીમભાવના જળવાઈ રહે અને સ્પોર્ટસમાં પરીવાર ની ભાવના કેળવાય તેમ જણાવેલ. તમામ ખેલાડીઓ ભાગ લે તે જ મહત્વની વાત છે હારજીત ની ચિંતા કર્યા વગર રમવુ તેમજ પરેડની સાથો સાથ વિવિધ સ્પોર્ટસ ની સ્પર્ધાઓનુ પણ આયોજન કરવામાં આવે છે. રાજકોટ શહેર પોલીસના ખેલાડીઓ ડીજીપી કપ તેમજ રાષ્ટ્ર કક્ષાએ સારુ પરફોમન્સ આપી વિજેતા થઈ ટ્રોફી તેમજ મેડલો મેળવેલ છે. આ વાર્ષિક રમતોત્સવમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી ટુર્નામેન્ટ ખુલ્લી જાહેર કરેલ.

## રાજયના ડી.જી.પી.ની અધ્યક્ષતામાં ૨૦મીએ રાજકોટમાં ઉચ્ચ કક્ષાના પોલીસ અધિકારીઓ સાથે કોન્ફરન્સ

### અગાઉ મિટીંગ રદ થયા બાદ નવી તારીખ જાહેર થતા તૈયારીઓનો ધમધમાટઃ ક્રાઈમ કોન્ફરન્સમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગે અરસપરસ થશે ચર્ચા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજયના મુખ્ય પોલીસવડા વિકાસ સહાય દ્વારા ગત.તા.૧૪ નવેમ્બરે યોજાયેલ રાજયના મહાનગરના પોલીસ કમિશનર અને ગુજરાતની તમામ રેન્જ વડાઓની બેઠક મુખ્યમંત્રીનો કાર્યક્રમ જાહેર થતા મીટીંગ રદ કરવામાં આવી હતી હવે ચાલુ માસની ૨૦મી તારીખે બેઠકનું નકકી થતા શહેર પોલીસ તંત્ર સક્રિય બન્યું છે.

ગત.તા.૧૪ નવેમ્બરના રોજ મહત્વની કોન્ફરન્સ યોજાયેલ અને તે માટે શહેર પોલીસ દ્વારા આ બેઠક ક્રાઈમ બ્રાન્ચના કોન્ફરન્સ હોલમાં યોજવા આયોજન કરાયું હતું દરમ્યાન કોઈ કારણોસર આ બેઠક ગાંધીનગર શિફટ કરવામાં આવી હતી.વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતમાં મુખ્યમંત્રી બનેલ તે સમયે પ્રજાસત્તાક પર્વ, સ્વતંત્ર પર્વ, રાજય સ્થાપના દિવસ જેવા પ્રસંગો વર્ષોની જુની ઘરેડ તોડી ફકત ગાંધીનગરમાં યોજવાને બદલે રાજયના વિવિધ શહેરો, જીલ્લા મથક અને તાલુકા મથકે યોજવાની પરંપરા શરૂ કરી હતી માત્ર એક શહેર પુરતા નહી, રાજયભરના લોકો આ પર્વ સાથે તાદાત્મય સાધે તે હેતુ સાથે આયોજન કરેલ છે. રાજયના મુખ્ય પોલીસ વડા વિકાસ સહાય દ્વારા પણ પોલીસની કામગીરીથી વાકેફ થાય અને આ બેઠક થકી અરસપરસ વિસ્તૃત પરિચય, ગુન્હાની પેટર્ન, અધિકારી વર્ગ એક બીજાથી નજીક આવે અને



જરૂરીયાત સમયે વિશેષ મદદરૂપ બને તે હેતુ સાથે આ પ્રોજેકટ અમલમાં મુકેલ છે. રાજકોટ માટે ગત.તા.૧૪ નવેમ્બરે મુલત્વી રહેલ બેઠક તા.૧૩ ડિસેમ્બરે નકકી કરી હતી. દરમ્યાન મુખ્યમંત્રીનો કાર્યક્રમ જાહેર થતા જ પોલીસ કમિશનર બજેશ કુમાર ઝા દ્વારા મુખ્ય પોલીસ વડાને આ અંગે જાણ કરતા બેઠક મુલત્વી રાખવામાં આવી હતી. હવે આગામી ૨૦ તારીખ જાહેર થતા જ શહેર પોલીસ કમિશનર ના નેતૃત્વ હેઠળ એડી.સીપી અને તમામ ડીસીપી તથા સ્ટાફ દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી છે.

## ગિરનાર પર ૮૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાયો; રોપ - વે બંધ : નલીયા ૬ ડિગ્રી

### સૌરાષ્ટ્ર - કચ્છમાં ઠંડીનું મોજુ ફરી વળ્યું : રાજકોટમાં ૧૦.૬ ડિગ્રી સાથે પવન ફુંકાતા લોકો ઠુંઠવાયા

**મુખ્ય સમાચાર,જૂનાગઢ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનો રાઉન્ડ આગળ ધપ્યો છે. આજે પણ નલીયા સૌથી ઠંડુ રહ્યું હતું. તો રાજકોટ સહિતના શહેરોમાં ઠંડા પવનોથી લોકો ધ્રુજયા હતા. નલીયામાં આજે પારો ગગડીને ૬ ડિગ્રી રહ્યું હતું. તો ગિરનાર પર ૮૦ કિ.મી.ની ઝડપે પવન ફુંકાતા રોપ-વે બંધ કરવાની ફરજ પડી છે. આ સિવાય રાજકોટમાં ૧૦.૬ ડિગ્રી, અમરેલી ૧૨.૨ ડિગ્રી, ભુજ ૧૧.૨, દ્વારકા ૧૪.૯, પોરબંદર ૧૫.૬, વેરાવળમાં ૧૬.૪ ડિગ્રી ન્યુનતમ તાપમાન હતું. તો અમદાવાદમાં ૧૨.૫, વડોદરા ૧૦, ડીસામાં ૯.૧ ડિગ્રી પર પારો સ્થિર રહ્યો હતો.જુનાગઢ અને જિલ્લામાં છેલ્લા બે દિવસથી તાપમાનનો પારો ઉંચકાયો છે. ગઈકાલે સવારથી પવનની ગતિ વધી જતા ગિરનાર પર ભારે પવન ફુંકાતા રોપ-વે બંધ કરાયો છે. લઘુતમ તાપમાન ૧૩ ડિગ્રીએ રહેવા પામ્યું છે.તા. ૧૦-૧૧ ડિસેમ્બરના પારો નીચે ૧૦ ડિગ્રીએ ગિરનાર પર ૫ ડિગ્રીએ ઉતરી જવા પામ્યો હતો. બાદ ૮ ડિગ્રીએ પારો ઉંચકાયો હતો. ગઈકાલે ૧૩ ડિગ્રીએ અને આજે પણ ૧૩ ડિગ્રીએ ઠંડીનો પારો રહેવા પામ્યો છે. જુનાગઢમાં પવનની ગતિ પ્રતિ કલાક ૮.૪ કિ.મી. જયારે ગિરનાર પર્વત ઉપર ભારે પવન ફુંકાતા એટલે કે ૮૦ કિ.મી. પ્રતિ કલાક ઝડપ રહેવા પામતા રોપ-વેને બંધ કરવાની ફરજ પડી હતી. બે દિવસથી રોપ-વે બંધ રહેવા પામ્યો છે. આજે પણ શહેરમાં પવનની ગતિ પ્રતિ કલાક ૧૦ કિ.મી.થી વધુ રહેવાનું અનુમાન જણાવાયું છે. ભેજ ૪૨ ટકા બપોરના ૨૯ ટકા રહેવા પામ્યો હતો. જામનગરમાં શીતલહેર વચ્ચે લઘુત્તમ તાપમાન અડધા ડિગ્રી ઘટાડા સાથે ૧૩.૫ ડિગ્રી હતું. શિયાળાએ જમાવટ કરતા તીવ્ર ઠંડીથી જનજીવન ઠુઠવાયું હતું. ૮.૫ કીમીની ઝડપે પવન ફૂંકાતા વાતાવરણ ઠંડુગાર રહ્યું હતું.ઉત્તર ભારતના હિમ જેવા ઠંડા પવનોના પગલે ગુજરાતમાં પણ શિયાળાએ ગતિ પકડી છે. જામનગરમાં છેલ્લાં બે દિવસથી. લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થતાં ઠંડીમાં પણ વધારો થયો છે.હિમ જેવા ઠંડા અને તેજીલા વાયરાઓના પગલે સમગ્ર શહેરમાં શીતલહેરનું મોજું ફરી વળ્યું છે. તીવ્ર ઠંડીથી જનજીવન ઠૂઠવાઈ ગયું છે. જો કે, શહેરમાં ચોવીસ કલાક દરમિયાન અડધા ડીગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાન ૧૩ ૫ ડીગ્રી જ્યારે આંશિક વધારા સાથે મહત્તમ તાપમાન ૨૬.૨ ડીગ્રી નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૫ ટકા ઘટીને ૪૬ ટકા રહ્યું હતું. પવનની ગતિ વધીને પ્રતિકલાકની સરેરાશ ૮.૫ કીમીની રહેવા પામી હતી.આથી વાતાવરણ ઠંડુગાર થઈ ગયું હતું. ઠંડી સામે રક્ષણ મળે તે માટે લોકોએ કામ વગર ઘરની બહાર જવાનું ટાળ્યું હતું. ઠંડીથી બચવા લોકોએ ટોપી, સ્વેટર જેકેટ સહિતના ગરમ વસ્ત્રોનો સહારો લીધો હતો. દિવસભર સૂસવાટા મારતા કાતિલ ઠંડા પવનના કારણે વાતાવરણ ટાઢુબોળ રહ્યું હતું. આથી લોકોને પંખા અને એસી બંધ કરવાની ફરજ પડી હતી. ઠંડીના કારણે માર્ગો ઉપર કુદરતી સંચારબંધી જોવા મળી હતી. ભાવનગર શહેરમાં આજે શનિવારે લઘુતમ તાપમાન ૧૬.૩ ડીગ્રી નોંધાયું હતું. સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૫ ટકા રહ્યું હતું. જ્યારે પવનની ઝડપ ૧૦ કિમી પ્રતિ કલાકની રહી હતી. ઠંડા પવનને કારણે લોકો ઠંડીનો ચમકારો અનુભવી રહ્યા છે.

## સૌરાષ્ટ્ર યુની.ના વિવાદિત કોન્વોકેશન હોલના ૧૭ વર્ષ પૂર્ણ : ખંઢેરમા કોંગ્રેસનો પ્રતિકાત્મક વિરોધ

### કોંગ્રેસે ખંઢેરનુ નામ જોષીપૂરાનો ઉતારો આપ્યુંઃ નાટકીય રીતે રીબીન કાપી ઉદ્ઘાટનઃ નવી તપાસ કમિટી રચી ૧.૬૧ કરોડ રૂપિયાની વસુલાતની રાજ્યપાલ સમક્ષ કોંગ્રેસની માંગ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

થોડા સમય પહેલા કોંગ્રેસ દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૧૭ વર્ષ પહેલા ખાતમૂહર્ત થયેલા એક બાંધકામ હજુ પૂર્ણ ના થયાના ઘટસ્ફોટ કરીને સંઘ અને ભાજપ સરકારની નિષ્ફળતાના આક્ષેપો કરી એમ એક તીરે બે નિશાન ટાંક્યા હતા.વાત છે સંઘ અને ભાજપ સાથે જોડાયેલ અને સૌ.યુની.ના પૂર્વ કુલપતિ ડો. કમલેશ જોષીપૂરાના કાર્યકાળ દરમિયાન એટલે કે વર્ષ ૨૦૦૭ મા ખાતમૂહર્ત થયેલ કોન્વોકેશન હોલનુ કામ ભ્રષ્ટાચારના વિવાદો બાદ સ્થગિત થતા હજુ આજની તારીખે ખંઢેરમા ફેરવાયેલ સ્થિતિમા એમ ને એમ હોવાથી કોંગ્રેસના વિદ્યાર્થી પ્રતિનિધિઓએ આ ખંઢેરના ૧૭ વર્ષ પૂર્ણ આજે થતા તેમનુ નામકરણ કરી નાટકીય રીતે ઉદઘાટન કરવાની થોડા સમય પહેલા જાહેરાત કરી હતી.અને આ ખંઢેરના શ્રેષ્ઠ નામ સૂચવનારને રૂ.૫૦૦૦ નુ ઈનામની જાહેરાત કરી સૌ.યુની.ના સતાધિસો અને ભાજપ સરકારની કામગીરી પર સવાલો ઊભા કર્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૦૭ માં વિદ્યાર્થીઓ માટે કોન્વોકેશન હોલ બનાવવામાં આવશે તેવી જાહેરાત તત્કાલિન કુલપતિ કમલેશ જોશીપુરા દ્વારા પદવીદાન સમારંભ વખતે રાજ્યપાલશ્રી ની હાજરીમાં કરવામાં આવી હતી. આ હોલ કેમ્પસમા આવેલા કાયદા ભવન પાછળ બનાવવામાં આવશે તેવું જાહેર કરાયું હતું.આ હોલ નું ખાત મુહર્ત તત્કાલીન સતાધિસો ડો.કમલેશ જોશીપુરા અને કલ્પક ત્રિવેદી દ્વારા સંઘ અગ્રણી મજદૂર સંઘના રાષ્ટ્રીય નેતા હસુભાઈ દવે ના વરદ હસ્તે કરાવવામાં આવ્યું હતું.યુનિવર્સિટી દ્વારા ટેન્ડર વગર કોન્વોકેશન હોલ નું કામ મડતિયા કોન્ટ્રાક્ટરને આપવામાં આવ્યાના આક્ષેપો થયા હતા અને આ હોલ બનાવવામાં ૧.૬૧ કરોડ જેટલી રકમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કોન્ટ્રાક્ટરોને ચૂકવી આપવામાં








(તસ્વીરઃ આનંદ જાવિયા)

આવી હતી.૧૭ જેટલા વર્ષો વિત્યા બાદ ત્રણ ત્રણ કાયમી કુલપતિ અને ત્રણ કાર્યકારી કુલપતિ બદલ્યા છતા પણ હજુ કોઈએ આ હોલ ની કાંકરી પણ હલાવી ના શક્યા હોવાથી આજની સ્થિતિએ ખંઢેરમા ફેરવાયેલ છે.કોંગ્રેસે દ્વારા જે તે સમયે આ મુદાને જાહેરમા ઉજાગર કર્યા બાદ મોટા વિવાદો બાદ રાજ્યસરકાર દ્વારા તપાસ કમિટી દ્વારા તપાસ કરાવવામા આવી હતી અને વિધાનસભાની જાહેર હિસાબ સમિતિની અધ્યક્ષ સહિતની ટીમે પણ સ્થળ મુલાકાત અને તપાસ કરી હતી. આજે કોંગ્રેસના વિદ્યાર્થીનેતા અને ઝોનલ પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતની આગેવાનીમા અનેક વિદ્યાર્થી કાર્યકરોએ સૌરાષ્ટ્ર યુની.કેમ્પસમા આવેલ આ કોન્વોકેશન હોલની જગ્યા પર વિદ્યાર્થી કાર્યકરો દ્વારા તકદીનુ અનાવરણ કરીને ખંઢેરનુ નામકરણ જોશીપુરાનો ઉતારો નામ આપ્યુ હતું અને નાટકીય રીતે રીબીન કાપી ઉદઘાટન કરી એક પ્રતિત્મારક વિરોધ દર્શાવ્યો હતો. પદવીદાન સમારોહમા વિદ્યાર્થીઓને પહેરવામા આવતા વેશ-પોષક ધારણ કરીને કાર્યકરોએ આ ખંઢેરમા પોતાની ડિગ્રી લેવા પહોચીને પ્લે કાર્ડ સાથે અંદર પ્રવેશીને આશ્ચર્યજનક વિરોધ દર્શાવ્યો હતો.

તાજમહલ મહેલ બનાવતા સમયે અંદાજે ૧૭ વર્ષો લાગ્યા હતા ત્યારે તેનાથી વધુ સમયથી બનતા કોન્વોકેશન હોલે એક ઐતિહાસીક રેકોર્ડ બનાવતા ભ્રષ્ટાચારનુ શ્રેષ્ઠ પ્રતીકનો એવોર્ડ પણ એનાયત કરાયો હતો અને વધુમા આક્ષેપો કર્યા હતા કે વિદ્યાર્થીઓના હકના પૈસાથી બનનાર કોન્વોકેશન હોલમા ૧૭ વર્ષ બાદ પણ વિદ્યાર્થીઓનો એક પદવીદાન સમારોહ ના યોજાયો હોય તો શા માટે મોટે ઉપાડે સતાધિસો જાહેરાતો કરી હતી? કોન્ટ્રાક્ટરોને કરોડોની રકમ ચૂકવી એ કેમ વસૂલાત કરતા નથી અને અત્યાર સુધી પોલીસ ફરિયાદ કેમ નોંધાઈ નથી ? સુસાશનની વાતો કરતી ભાજપ સરકાર પોતાના પક્ષના કહેવતા વિધવાન આગેવાનને બચાવવા કેમ તપાસ કમિટીઓમા કલીનચિટ આપી હતી.?વિપક્ષ તરીકે અમારી ફરજ બને કે જનતા સમક્ષ સરકાર અને યુની.ના સતાધિસોની લોલમપોલ છતી કરવી અને જેથી વિદ્યાર્થીઓને પણ ખ્યાલ આવે કે ખરેખર કેન્દ્ર અને રાજ્યમા રહેલી ભાજપ સરકાર માત્ર જાહેરાતો કરીને ખાતમુહર્તો જ કરે છે.જો ગુજરાતના નામદાર રાજ્યપાલ ખરા અર્થમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ચાન્સેલર હોય તો સમગ્ર બાબતને વિજિલન્સ દ્વારા તપાસ કરાવે અને ભ્રષ્ટાચારમાં સામેલ જોશીપુરા એન્ડ કંપનીના સભ્યો સામે ફરિયાદ દાખલ કરે. કોંગ્રેસ તમામ બાબતના પુરાવાઓ આપવાની ખાતરી પણ આપે છે તેવુ કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતે માંગ કરી હતી.

## સબ રજિસ્ટ્રાર કચેરીના બોગસ દસ્તાવેજ પ્રકરણમાં મૂળ સુધી પહોંચવા સીટની રચના કરાઇ

### કચેરીના પટાવાળા અને ક્લાર્કની પૂછપરછ કરાઈઃ ફરાર વકીલ અને સૂત્રધારને ઝડપવા આશ્રય સ્થાનો પર દરોડાઃ ઝડપાયેલો ઓપરેટર ચાર દિવસના રિમાન્ડ પર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના જુના કલેક્ટર હચેરી કમ્પાઉન્ડમાં આવેલી સબ રજીસ્ટર કચેરીના કર્મચારીઓએ મિલીભગત કરી વકીલનો સાથ લઈ હસ્તલિખિત દસ્તાવેજો સાથે ચેડા કરી ટોળકીએ બોગસ દસ્તાવેજ કૌભાંડ આચર્યું હતું. તપાસ દરમિયાન ૧૭ દસ્તાવેજો સાથે ચેડા કરી ભોગસ બનાવવામાં આવ્યા હોવાનું ખુલવા પામતા ભારે ખળભળાટ મચી ગયો છે. આ પ્રકરણમાં ઓપરેટર હાથ લાવ્યા બાદ અન્ય સૂત્રવાર અને વકીલ હજુ પણ પોલીસ પકડથી દૂર છે. ઝડપાયેલા શખ્સને રિમાન્ડની માંગણી સાથે અદાલતમાં રજૂ કરાતા અદાલતે તેના ચાર દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ ઉપરાંત આ કૌભાંડ પાછળ અનેક લોકોની સંડોવણી હોય અને સરકારી દસ્તાવેજો સાથે પણ ચેડા થયેલ હોય જેથી મૂળ સુધી પહોંચવા માટે પોલીસ કમિશનર દ્વારા સીટની રચના કરવામાં આવી છે. જેની રાહબરી હેઠળ અલગ અલગ ટીમો તપાસ કરશે.

સમગ્ર ઘટનાની જાણમાં મળતી વિગતો મુજબ કલેકટર ઓફિસમાં આવેલી સબ રજિસ્ટ્રાર કચેરી ઝોન એકના કર્મચારી ઓપરેટર દ્વારા બોગસ દસ્તાવેજ કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું ખુલ્લું પડયા બાદ ન્યુ સ્વાતિપાર્કમાં રહેતાં અને સભ રજીસ્ટર ઝોન-૧ માં સબ રજીસ્ટર તરીકે ફરજ બજાવતાં અતુલભાઈ મધુભાઈ દેસાઈએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે હર્ષ સાહલીયા ઉર્ફે હર્ષ સોની, જયદીપ ઝાલા અને કિશન ડી ચાવડાનું નામ આપતાં પ્ર.નગર પોલીસ મથકનાં પીઆઈ ભાર્ગવ ઝણકાંતે આઈપીસી ૪૨૦,૪૬૪,૪૬૭,૪૬૮ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી જયદીપ ઝાલાની ધરપકડ કરી અન્ય બે આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

ગઈ તા. ૨૪-૧૦ ના રૈયાના સર્વે નં.૨૭૭/૧ પ્લોટના નં.૪૨ ના ગામ નમૂના નં.૨ નોંધ રદ કરવાના કામે કાગળ મળેલ હતો. જે નોંધની તપાસ કરતાં સ્કેનિંગ વાળા દસ્તાવેજ અને ૧૯૭૨ ના ખરા દસ્તાવેજમાં વિસંગતા જણાતા પોલીસને જાણ કરી હતી. જે બાદમાં પ્ર.નગર પોલીસે ગઈરાતે શંકાસ્પદ જયદીપ ઝાલા (રહે.કેસરકૃપા ખોડીયાર કૃપા સોસાયટી શેરી નં.૩) કોઠારીયા રોડને પકડી પાડી પોલીસ મથકે લાવી પીઆઈ પીયુષ ડોબરીયા અને ટીમે તેની સઘન પુછતાછ હાથ ધરવામાં આવી હતી.

પોલીસ પાસે જયદીપ ઝાલાએ વટાણા વેરી મોટો ખુલાસો કરતાં પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસના જણાવ્યા અનુસાર મઘરવાડામાં આવેલ એક મિલકત જે જુની શરતની હતી. તેમની માલીકી ધરાવતાં વૃદ્ધાનું અવસાન થતાં તે મિલકતનાં ભોગસ દસ્તાવેજ બનાવી નાખ્યાનું સામે આવ્યું હતું.

ઉપરાંત પોલીસે જણાવ્યું હતું કે એકથી વધુ આરોપીઓએ જે મિલકતનાં માલીકોનું અવસાન થયેલ હોય કે વિદેશ રહેતા હોય તેવી અનપુઝ મિલકતો શોધી તેનાં દસ્તાવેજમાં ટોળકી દ્વારા કોઈ એક વ્યકિતનો ફોટો તેમજ તેમનાં બોગસ આધારકાર્ડ પાનકાર્ડ બનાવી તે મિલકત પચાવી પાડવાની મોડસ ઓપરેન્ડીથી કામ કરતી હતી.

પ્રાથમીક તપાસમાં મઘરવાડા ગામ, રામપર, મવડી, રૈયા સહીત અન્ય વિસ્તારોની મળી કુલ ૧૭ થી વધુ મિલકતોનાં ભોગસ દસ્તાવેજો બનાવી કરોડોની મીલકતો પચાવી પાડવાનું કૌભાંડ સામે આવી રહ્યું છે. હાલ પોલીસે કોમ્પ્યુટર ઓપરેટર જયદીપ ઝાલાને સકંજામાં લીધો

હતો બનાવ અંગે ઝોન-૧ સબ-રજીસ્ટ્રાર કચેરીનાં અધિકારી અતુલ દેસાઈની ફરીયાદ પરથી ગુન્હો નોંધવા તજવીજ હાથ ધરાઈ છે.બાદમાં પુછતાછમાં તેમની સાથે મળતીયામાં હર્ષ સોની અને કિશન ચાવડાનું નામ ખુલતાં તેની પોલીસે શોધખોળ હાથ ધરી હતી.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, કૌભાંડનો મુખ્ય સૂત્રધાર હર્ષ સોની હોવાનું અને કિશન ચાવડા એડવોકેટ હોવાનું સામે આવ્યું હતું. કિશન ચાવડાએ દસ્તાવેજ મેળવવા અરજી કરી હતી અને તે દસ્તાવેજ મેળવવા જયદીપને મોકલતા સમગ્ર કૌભાંડ સામે આવ્યું હતું. પોલીસે હાલ અલગ અલગ સ્થળોએ દરોડા પાડી વધુ દસ્તાવેજો એકઠાં કરવા કામગીરી હાથ ધરી છે. ગઈકાલે પોલીસે બીલખા હાઉસમાં આવેલ આરોપી હર્ષ સોનીના હલેટમાં પણ દરોડા પાડી બંધ બારણે તપાસ હાથ ધરી

હતી. પોલીસે નવમાં માળે આવેલ ફ્લેટના મુંબઈ રહેતા માલિકને પણ જાણ કરી રાજકોટ બોલાવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. પોલીસને હતોટમાંથી મોટા પ્રમાણમાં દસ્તાવેજો, બોગસ સ્ટેમ્પ, સ્ટેમ્પ બનાવવાનું મશીન સાહિતનું સાહિત્ય કબ્જે કર્યું છે.

## એઈમ્સમાં મહિલા નર્સિંગ ઓફિસરનો ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ

- સિનિયર ત્રાસ આપતા હોવાથી વિભાગમાં અરજી આપી હતી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ એઈમ્સમાં જુનિયર નર્સિંગ ઓફિસર તરીકે ફરજ બજાવતી અને નાગેશ્વરમાં રહેતી યુવતીએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કરતા સારવાર માટે એઈમ્સમાં ખસેડાઈ હતી આપઘાતના પ્રયાસ પાછળ સિનિયર નર્સિંગ ઓફિસર હેરાનગતિ કરતા હોવાથી પગલુ ભર્યુ હોવાથી પોલીસ દોડી જઈ યુવતિનું નિવેદન નોંધી તપાસ યથાવત રાખી



છે. મૂળ જાંધપુર હાલ જામનગર રાડ પર નાગેશ્વરમાં રહેતી હિતેષી લક્ષ્મીનારાયણ બોરાણા ઉ.વ.૩૦ નામની યુવતિ જુનિયર નર્સિંગ ઓફિસરે ગઈકાલે પોતાના ઘરે હતી ત્યારે પંખામાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો પોતે પગલું ભરવા જઈ રહી હોવાની ગાંધીનગર રહેતા પુરૂષ મિત્રને કરી હતી આથી યુવક પાસે બાજુમાં રહેતા પાડોશીના નંબર હોવાથી તેને ફોન કરી જાણ કરી ઘરે જવાનું કહ્યું હતું જેથી પાડોશી ઘરે જઈ તપાસ કરતા દરવાજો બંધ હોવાથી તોડી અંદર જોતા યુવત લટકતી હતી.તાત્કાલિક સારવાર અર્થે એઈમ્સમાં ખસેડાઈ હતી બનાવ અંગેની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.પ્રાથમિક તપાસમાં બે દિવસ પુર્વે યુવતિને સિનિયર નર્સિંગ ઓફિસર સાથે માથાકુટ થતા સિનિયર ત્રાસ આપતા હોવાથી અરજી કરવામાં આવી હતી આ અંગે પોલીસે તપાસ યથાવત રાખી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મવડી અને મોટા મવાની કરોડોની જમીન હડપ કરવાનું કારસ્તાન

## સ્ટેટ વખતે અપાયેલ જમીનના લેખમાં ચેડા કરી આચરેલું કૌભાંડઃ દક્ષિણ મામલતદારની ફરિયાદ પરથી પોલીસે ગુનો નોંધી બંનેને ઉઠાવી લીધા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં સરકારી દસ્તાવેજો સાથે ચેડાં કરી સરકારી જમીન પોતાના નામે ચડાવવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે.રાજકોટ શહેર દક્ષિણ ઈન્ચાર્જ મામલતદાર શૈલેશકુમાર જેઠાભાઈ ચાવડા ઉ.૫૮એ મોરબી રોડ ઉપર આવેલ ગાંધી વસાહત સોસાયટીમાં રહેતા વિનોદ માવજી પારથી સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે મવડી-૨ ગામના સર્વે નં.-૧૯૪ પૈકીની જમીન ૯ એકર ૧૩ ગુંઠા ગુજરનાર ડાયાભાઈ દેશાભાઈના વારસદાર તરીકે વિનોદ પારથીએ સ્ટેટના લેખના આધારે જમીન મળવા રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરવા મંજુરી મળવા કલેકટરને અરજી કરી હતી જેના પુરાવા તરીકે વિનોદે તેના દાદા ડાયા દેશાના નામનો તા.૨૬/૧૦/૧૯૩૨ નો લેખ તથા બેઠા ખાતાનો ઉતારાની નકલ ખાતા નં.૨૬ ની રજુ કરી વરસાઈ દરજ્જે ચડાવવા રજુઆત કરી હતી જે અરજદારે રજુ કરેલ આધાર પુરાવાની ખરાઈ કરતા કેલેન્ડર મુજબની તારીખોમા વિસંગતતા જણાઈ આવતાં ખરાઈ કરાવતા અભિલેખાગાર કચેરીના ખોટા સહી સીક્કા કરેલ હોવાનુ જણાવતા વિનોદએ પોતાના દાદાને સ્ટેટ તરફથી જમીન આપવામાં આવેલ હોવાની ખોટી વિગત જણાવી ખોટા ડોક્યુમેન્ટ બનાવી નોંધણી કરવા અરજી કર્યાનુ પ્રસ્થાપીત થતા ફરીયાદ નોંધાવી હતી. તેમજ ઉપરોક્ત ફરીયાદીએ જ ચોટીલાના લાખા નાજા ખીમસૂરીયા સામે બીજી નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે લાખાભાઈએ મવડી-૨ ગામના સર્વે નં.૧૯૪ પૈકીની જમીન ૧૦ એકર નાજાભાઈના વારસદાર તરીકે લાખાએ સ્ટેટના લેખના આધારે ખેડવાણ જમીન મેળવવા રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરવા સરકારમાં મંજુરી મળવા કલેકટરને તા.૧૯/૦૧/૨૦૨૪ થી અરજી કરી હતી જેના પુરાવા તરીકે નાજાભાઈના નામનો તા.૨૬/૧૦/૧૯૩૭ નો લેખ તથા બેઠા ખાતાનો ઉતારાની નકલ રજુ કરી મવડી-૨ ગામના સર્વે નં.૧૯૪ પૈકીની જમીન ૧૦ એકરની ટુગલાવારી ધાર ખેતર તરીકે ઓળખાતી જમીન વારસાઈ દરજજે નામે ચડાવવા રજુઆત કરી હતી તેમાં પણ ઉપરોક્ત મુજબ જ લેખ અભિલેખાગાર કચેરીએ ખરાઈ કરાવતા તે લેખની કોઈ નોંધ થયેલ ન હોય અને ખોટા ડોક્યુમેન્ટ બનાવી સાચા તરીકે કલેક્ટર કચેરીમાં રજુ કરતા ફરીયાદ નોંધાવી હતી બનાવ અંગે તાલુકા પોલીસે ગુનો નોંધી પીઆઈ સી. એચ.જાદવે તપાસનો ધમધમાટ આદરી બંને આરોપીઓને અટકમાં લઈ સઘનપૂછતાછ હાથ ધરી હતી.

## ન્યારી ડેમમાં ન્હાવા પડેલા યુવાનનું ડૂબી જતાં મોત

રાજકોટના કાલાવડ રોડ પર આવેલ ન્યારી ડેમમાં ન્હાવા પડેલા ૧૯ વર્ષીય રાજસ્થાની યુવાનનું ઊંડા પાણીમાં ડૂબી જતાં મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પ્રાપ્ત વિગત મુજબ, મૂળ રાજસ્થાનનો વતની અને હાલ કાલાવડ રોડ પર આવેલ ન્યારી ડેમ નજીક આવેલ બાંધકામ સાઈટ પર રહી ત્યાં જ કામ કરતાં સ્વરૂપસિહ લાલસિહ સોલંકી (ઉ.વ.૧૯) બાંધકામ સાઈટ પર પોતાનું કામ પુરુ કરી સાઈટની ન્યારી ડેમમાં ન્હાવા પડ્યો હતો. જે બાદ તે મોડે સુધી સાઈટ પર ન આવતાં ત્યાં કામ કરતા અન્ય શ્રમિકોએ કોન્ટ્રાકટર ભગિરથસિહને જાણ કરતાં તેઓ ન્યારી ડેમ પર દોડી ગયાં હતા અને તપાસ કરતા યુવાનની તરતી લાશ જોવા મળી હતી. જેથી બનાવની તાલકા પોલીસને જાણ કરતા પીએસઆઇ એમ.આઇ.શેખ સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને યુવાનના મૃતદેહને બહાર કાઢી જરૂરી કાર્યવાહી કરી પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# RDC બેંકમાં ગીરવે મૂકેલું ૨.૨૩ લાખનું મંગળસૂત્ર છોડાવી મિત્ર ચાઉં કરી ગયો

## ઉછીના ૨૫ હજાર પરત આપવા એસ્ટેટ બ્રોકરે પત્નીના દાગીના આપ્યા હતા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના મોરબી રોડ પર આવેલા સેટેલાઈટ ચોકમાં રહેતા અને એસ્ટેટ બ્રોકરનું કામ કરતા યુવકે તેના મિત્ર પાસેથી ₹૨૫,૦૦૦ હાથ ઉંચીના લીધા હતા તે પરત કરવાનો સમય થઈ જતા પૈસાની વ્યવસ્થા થઈ ન હતી આથી બ્રોકરે તેની પત્નીનું ૨.૨૩ લાખની કિંમતનું મંગળસૂત્ર આપ્યું હતું અને તે ગીરવે મૂકી નાણા લઈ લેવા કહ્યું હતું. આથી મિત્રએ તેના પર લોન લીધા બાદ બીજા દિવસે તે લોન ભરપાઈ કરી બ્રોકરની જાણ બહાર મંગળસૂત્ર છોડાવી લઈ બ્રોકરને આપવાના બદલે ચાઉ કરી ગયો હતો. જે અંગે બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જાણવા મળતી વિગતો મુજબ મોરબી રોડ પર સેટેલાઈટ ચોકમાં રાધામીરા સોસાયટીમાં રહેતા ભીખુભાઈ લાભુભાઈ વાઘાણી (ઉ.વ.૫૧) નોંધાવેલ હરિયાદમાં આરોપી તરીકે પરેશ ધિરજ લામકા (રહે. કોળી વાસ, કુવાડવા) નું નામ આપતાં એ. ડિવિઝન પોલીસે છેતરપિંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ જમીન લે-વેંચનું કામ કરે છે. તેઓ જમીન લે-વેચ અંગેના કામે મારે અવારનવાર કુવાડવા રોડ પર રહેતાં પરેશભાઈ લામકા સાથે સંપર્ક થયેલ હતો. પાંચેક મહિના પહેલા પરેશ લામકા પાસેથી ધંધાના કામ અર્થે રૂમ.૨૫ હજાર ઉછીના લીધેલ હતા. જે પૈસા લીધે વીસેક દિવસ વિતવા છતા તેઓની પાસે પૈસા પરત આપવાની સગવડ ન થતા પત્નીનુ સોનાનુ મંગળસૂત્ર ભેંકમાં મુકી રૂ.૨૫ હજારનું ધિરાણ લઈ પરેશને તેમના પૈસા પરત આપવાનુ નક્કી કરેલ હતુ.

જેથી પરેશભાઈનો સંપર્ક કરતા કહેલ કે, મારે પૈસાની જરુર હતી જેથી મે તમારુ મંગલસુત્ર બેકમાંથી છોડાવી લીધેલ છે. જે તમને થોડા દીવસમાં આપી દઈશ. ભાદમાં અવારનવાર સોનાના મંગલસુત્રની માંગણી કરેલ તેમ છતા આરોપીએ . ૨.૨૩ લાખનું સોનાનું મંગલસુત્ર પરત ન આપી છેતરપીંડી આચરી હતી.બનાવ અંગેની ફરીયાદ પરથી એ. ડિવિઝન પોલીસે ગુનો નોંધી પીએસઆઈ એમ.આર.મકવાણા અને ટીમે આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# કાલાવડ રોડ વિસ્તારના ગુન્હેગાર ભૂરા આણિ ટોળકી સામે અંતે અપહરણનો નોંધાયો ગુનો

## અગાઉ પણ ચારથી પાંચ યુવકોને ખરાબ ધંધામાં ધકેલવા માર માર્યો હતો અને એક યુવકે ત્રાસથી કંટાળી કમિશનર કચેરીમાં ઝેરી દવા પીધી હતી જે મામલે રજૂઆત બાદ પોલીસે કાર્યવાહી કરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કાલાવડ રોડ વિસ્તારમાં જેનો આતંક છે તે ભરત સોસા ઉર્ફે ભૂરો અને તેના સાગરીતોએ અનેક યુવકોને નિશાન બનાવી તેઓને માર માર્યો છે. તે સમયે અપહરણનો ભોગ બનનાર ગૌતમ શૈલેષભાઈ મકવાણા (ઉ. વ.૨૨, રહે. લક્ષ્મણ ટાઉનશિપ, જીવરાજ પાર્ક, મવડી વિસ્તાર રાજકોટ, મુળ રહે. જામજોધપુર ડો. આંબેડકર ચોક)એ ભુરા અને તેની ટોળકી સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, હું વી. વી.પી. એન્જિનિયરિંગ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરું છું. ગત ૪ ડિસેમ્બરે બપોરના આશરે ત્રણ-ચાર વાગ્યે રાણી ટાવર પાસે વાળ કપાવવા માટે ગયેલો હતો. ત્યાં એકટીવા ઉપર બેઠો હતો અહીં ભરત સોસા રૂર્ફે ભૂરાની ઓફિસ આવેલ છે. તે અને તેની સાથેના માણસો ત્યાં બેસે છે. જેથી હું તેમને ઓળખું છું. દરમિયાન મપુર સોલંકી તથા ભુરો તથા અવિનાશ રાઠોડ તથા નરેશ મારી પાસે આવેલ. અને મયુરએ મને એક લાકો મારી ધક્કો મારી નીચે પાડી દીધેલ. મારું ટીશર્ટ ફાડી નાખેલ ભૂરાએ કહ્યું કે, તું અહીં યા કેમ અમને પૂછપા વગર બેઠો. તને ખબર નથી કે અહીંયાનો ડોન કોણ છે?

હવે અહીંયા બીજીવાર દેખાણો તો જીવતો નહી મુકું. મને ત્યાથી નિકળી જવાનુ કહેતા હું ત્યાંથી નીકળી ગયેલ અને ત્યાર બાદ હું મારા રૂમે જતો રહેલ. ભાદ આજ દિવસે રાત્રિના હું તથા મારો ભાઈ ચેતન રાઠોડ મારા રૂમે સુતા હતા. ત્યારે સાડા ત્રણ વાગ્યાની આસપાસ મારા રૂમે હર્મિત તથા




પરેશ ઉર્ફે પપ્પુ તથા મુકેશ ઉર્ફે મુકો કાર લઈને આવેલ. રૂમમાં આવી કહેવા લાગેલ અમારા ભુરાભાઈ કહે કે એટલે દરવાજા તોડીને પણ તને ઉઠાવી લાવી. મેં તેને સાથે જવા ના પાડી. પણ હું ભાડે રહેતો હોવાથી અહીં માથાકૂટ થાય તો કોઈ મકાન ભાડે નહી આપે તેમ વિચારી નીચે ગયો. ત્યાં મારે કારમાં ભેસવાની ના પાડી છતાં બંને બળજબરીથી ધક્કો મારી મને કારમાં બેસાડી ભૂરાની ઓફિસે લઈ આવેલ. ચેતન રાઠોડ હવે ભૂરા સાથે કામ નથી કરતો એટલે ભુરો કહેવા લાગેલ કે, તારો ભાઈ ચેતન રાઠોડ કેમ હવે મારી સાથે કામ કરતો નથી. અને હવે તારો ભાઈ અમારી સાથે કામ કરવાની હા પાડશે તો જ તને અહીંથી જવા દેવામાં આવશે. મને સવારે ૬ વાગ્યાં સુધી બેસાડી રાખ્યો અને પછી જવા દીધેલ. આમ મારો ભાઈ ચેતન રાઠોડ અગાઉ આ ભુરાભાઈ સાથે કામ કરતો હોય પરંતુ હવે તેની સાથે કામ કરતો ન હોય જે ભાબતનો મારી નાખવાની ધમકી આપેલ.

# રાજકોટમાં માતાની હત્યા કરનાર પુત્રને આજીવન કેદની સજા

## ફરિયાદી સહિતના સાહેદો હોસ્ટાઈલ થયા છતાં સરકારી વકીલની દલીલો ધ્યાને રાખી સેશન્સ કોર્ટે આકરી સજા ફટકારી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં માતાની હત્યા કરનાર પુત્રને કોર્ટે આજીવન કેદની સજાનો હુકમ કર્યો છે. ઘંટેશ્વર ૨૫ વારીયા ખાતે વર્ષ ૨૦૨૦માં કામધંધો કરવા બાબતે બોલાચાલી અને ઝઘડો થતા પુત્ર પ્રકાશ રાઠોડે માતા શેઠાણીબેનને માથામાં ધોકો મારી મોતને ઘાટ ઉતાર્યા હતા. ફરિયાદી સહિતના સાક્ષીઓ હોસ્ટાઈલ થયા છતાં સરકારી વકીલની દલીલો ધ્યાને રાખી સેશન્સ કોર્ટે આકરી સજા સાથે દંડ ફટકાર્યો છે.

કેસની વિગત મુજબ, તા.૦૭/૦૬/૨૦૨૦ના રોજ ફરિયાદી અરવિંદ ઉપેન્દ્રભાઈ રાઠોડ (રહે.ઘંટેશ્વર ૨૫ વારીયા) પોતાના માતાના ઘરે જતા હતા. રસ્તામાં તેનો ભાઈ આરોપી પ્રકાશ ઉર્ફે ઋતિક ઉપેન્દ્રભાઈ રાઠોડ રીક્ષા લઈ જતો જોવા મળ્યો. રીક્ષા ઉભી રાખી પ્રકાશે કહ્યું કે, આપણી માતા શેઠાણીબેન સાથે રાત્રીના ૧૦.૩૦ વાગ્યે કામધંધો કરવા બાબતે બોલાચાલી અને ઝઘડો થયેલો, માતાના રોજના કંકાશથી કંટાળી ગયેલ હોય મેં ઝુપડામાં પડેલો લાકડાના ધોકા વડે આપણી માતાને માથામાં માર મારતા તે લોહીલોહાણ હાલતમાં પડેલ છે.

તારે દવાખાને લઈ જવી હોય તો લઈ જા. તેમ કહી જતો રહેલો. ફરિયાદી ઘરે પહોંચતા ૧૦૮માં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે લાવેલા જયાં માતા શેઠાણીબેનને ડોકટરે મરણ જાહેર કરેલ. ગાંધીગ્રામ પોલીસે આઈ.પી.સી. કલમ-૩૦૨ મુજબ ગુનો નોંધી આરોપી પ્રકાશ ઉર્ફે ઋતિકની ધરપકડ કરી તપાસ બાદ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરેલ હતુ.

કેસ ચલતા સરકારી વકીલ પરાગ એન. શાહ હાજર રહેલા અને તેઓએ કુલ ૨૪ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલા અને ૧૨-સાક્ષીઓને તપાસેલા હતા. તેમણે રજુઆત કરેલી કે, કેસમાં કોઈપણ નજરે જોનાર સાક્ષી નથી. આ કેસ સંપુર્ણ સાંયોગીક પુરાવાઓ ઉપર આધારીત છે ફરીયાદી તથા અન્ય સાહેદો હોસ્ટાઈલ થયેલ છે. સાહેદ સાવન કે જેઓ શેઠાણીબેનના નણંદના દિકરા થતા હોય અને તેઓ શેઠાણીબેનને ઓળખતા ન હોય અને આરોપીને પણ ઓળખતા ન હોય સંપુર્ણરીતે હોસ્ટાઈલ ડીકલેર થયેલા અને આરોપીને બચાવવા ખોટી જુબાની આપેલ પરંતુ તેનાથી પ્રોસીકયુશનના કેસને કોઈ નુકશાન થયેલ નથી.

પીએમ કરનાર ડોકટરે જુબાનીમાં જણાવેલ કે મૃતકને સાત પ્રકારની ઈજાઓ થયેલ હતી અને આ પ્રકારની ઈજાઓ સખ્ત અને બોથડ પદાર્થ વડે થયેલ હતી. જેથી પ્રોસીક્યુશન તરફે લાકડાનો ધોકો બતાવવામાં આવેલ જે જોઈને



ડોકટરએ જણાવેલ કે આ ધોકાથી આવી ઈજાઓ થઈ શકે છે.

આરોપીએ પોતાની સગી માતાનુ ખુબ જ બેરહમીથી લાકડાના ધોકા વડે ખુન કરેલ છે જેને કોઈપણ રીતે સરળતાથી, સહજતાથી કે હળવાશથી લઈ શકાય નહી. દલીલો ધ્યાને લઈ એડી. ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટએ પ્રકાશ ઉર્ફે ઋતિકને આઈ. પી.સી. કલમ-૩૦૨ મુજબ આજીવન કેદની સજા તથા દંડ ફટકારેલ છે. આ કેસમાં સરકાર વતી સરકારી વકીલ પરાગ એન. શાહ રોકાયેલા હતા.

# એઈમ્સના કોન્ટ્રાકટરની દાદાગીરીઃ લેબર કામના રૂ.૧૦.૭૦ લાખ ન ચૂકવી મારી નાખવાની ધમકી આપી

## મોરબીના લેબર કોન્ટ્રાકટરે બે લાખ સ્કવેર ફુટ ટાઈલ્સ ફિટિંગનું કામ રાખેલ હતું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ એઈમ્સના બાંધકામ કોન્ટ્રાકટરની દાદાગીરી સામે આવી છે. લેબર કામના રૂ.૧૦.૭૦ લાખ ન ચૂકવી લેબર કોન્ટ્રાકટરને મારી નાંખવાની ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરતાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

બનાવ અંગે મોરબીમાં રોહિદાસ પરા મેઈન રોડ, રેલ્વે સ્ટેશન પાછળ રહેતાં ધર્મેશભાઈ દેવજીભાઈ મકવાણા (ઉ.વ.૩૩) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે તુષાર હરીશ રાવલ (રહે. નાગપુર, મહારાષ્ટ્ર) નું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે વર્ષ ૨૦૧૭ થી સિધ્ધી કન્ટ્રકશન નામથી લેબર કોન્ટ્રાકટર તરીકે બાંધકામ, રોડ વિગેરેનુ કામ કરે છે. સપ્ટેમ્બર ૨૦૨૩ માં તેઓ તેના મિત્ર અને ધંધાનો ભાગીદાર રમેશભાઈ ઉર્ફે રામભાઈ વધોરા તથા માહી બીલ્ડકોન નામની કંપનીના માલિક તુષાર રાવલ સાથે મોટી ટાંકી ચોક પાસે આવેલ ચંદ્રમોલેશ્વર નામની ઓફિસ ખાતે મળેલ હતા. ત્યાં તુષાર રાવલે રાજકોટ એઈમ્સ હોસ્પિટલના કામ અંગે વાતચીત કરેલ હતી. આશરે ૮૦ લાખનું બે લાખ સ્કવેર ફુટ જેટલુ વોલ ટાઈલ્સ અને ફ્લોર ટાઈલ્સ (મારબલ) નું કામ હોવાનુ જણાવેલ હતુ.

આરોપીએ પોતાને રાજકોટ એઈમ્સ પાસેથી તમામ કામનો મુખ્ય કોન્ટ્રાક્ટ મળેલ હોવાની વાત કરેલ હતી. જેથી બે લાખ સ્કવેર ફૂટ વોલ ટાઈલ્સ અને ફ્લોર ટાઈલ્સનુ કામ પેટા કોન્ટ્રાક્ટ ઉપર રાખવાની વાતચીત બાદ હા પાડેલ હતી. આ કામ રાખવા બાબતે આરોપીએ રૂ.૫૦ હજાર આપવાથી વર્ક ઓર્ડર મળશે તેમ જણાવતા રૂપીયા તેમને મોકલી આપેલ હતાં.

બાદમાં માહી બીલ્ડકોનના લેટરપેડ વાળો વર્ક ઓર્ડર ગઈ તા.૦૧/૧૦/૨૦૨૩ ના વોટ્સએપ ઉપર મોકલી આપેલ હતો. દશેક દિવસ બાદ એઈમ્સ હોસ્પિટલમા રાખેલ કામ ચાલુ કરેલ હતુ. ઓક્ટોબર ૨૦૨૩ માં કરેલ કામનુ ૧૮ ટકા જી.એસ.ટી. સાથેનુ પ્રથમ બીલ રૂ.૪,૬૮,૨૨૧ નુ બનતુ હોય જે બીલ બનાવી તુષાર રાવલને તેમના મોબાઈલ નંબર પર વોટ્સએપથી મોકલી આપેલ હતુ.

ત્યારબાદ તુષાર રાવલ સાથે ફોનમાં વાતચીત થતા તેઓએ બીલના રૂપિયા તમારા બેંક ખાતામા આવી જશે તેમ વાત કરતા આગળનુ કામ ચાલુ રાખેલ હતુ. બાદમાં નવેમ્બર અને ડિસેમ્બર ૨૦૨૩ બે માસનુ પણ કામ કરેલ હતુ. બાદમાં તેમને ઓક્ટોબર માસનું બીલ એઈમ્સ હોસ્પિટલ દ્વારા ૩૦ ટકા હોલ્ટ રાખી રૂ.૨,૪૧,૫૧૩ મંજુર કરેલ હતુ. જેથી તા. ૧૪/૧૨/૨૦૨૩ ના બીલના રૂપિયા બાબતે ફોન કરી વાતચીત કરતા તે તા.૧૫/૧૨/૨૦૨૩ ન એઈમ્સ હોસ્પિટલ ખાતે આવશે તમે આવી જજો તેવી વાત કરેલ હતી.

તા.૧૫ ના એઈમ્સ હોસ્પિટલ ખાતે કામ ચાલુમા હોય ત્યારે તેમના ધંધાના ભાગીદાર રમેશભાઈ ઉર્ફે રામભાઈ તુષારને એઈમ્સ હોસ્પિટલ ખાતે મળેલ હતા. ત્યારે બીલના રૂપિયા બાબતે વાતચીત કરતા જણાવેલ કે, તમારૂ રૂ.



૪,૬૮,૨૨૧ વાળા બીલનો હિસાબ પુરો ચુકતે કરી આપુ છુ, તેમ જણાવતાં તેઓ એન.કે.જી.ની ઓફિસની બહાર ગ્રાઉન્ડમા બેઠા હતા ત્યારે આરોપી ત્યાં આવેલ અને બીલની વાતચીત કરતા જણાવેલ કે, તેઓએ એઈમ્સમા બીલ મુકી દિધેલ છે મંજુર થશે ત્યારે આપીશ તેવી વાત કરતા તેઓને કહેલ કે, અમે નાના કોન્ટ્રાક્ટર છીએ અને લેબર મજુર કામ કરતા હોય તેઓને પણ સમયસર પગાર આપવાનો રહેશે, મારી પાસે મોટી મુડી નથી જેથી તમે મારા રૂપિયા મને આપો તો મારા મજુરને ચુકવી તમારૂ કામ પણ હું ચાલુ રાખીશ.

જેથી તે ઉશ્કેરાઈ જાતિપ્રત્યે અપમાન કરી ગાળો આપી મારો ડ્રાઈવર જેના વિરુધ્ધ ગંભીર ગુન્હા દાખલ થયેલ છે જેને હું એક ફોન કરીશ તો તમને એઈમ્સની બહાર નીકળવા નહિ દે તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપતાતે મને કહેલ કે, હું સી.જી.એમ. સાહેબ પાસે જઈ ધમકી આપો છો તે બાબતે તેઓને કહીશ કહેતાં ઉશ્કેરાયેલા આરોપીએ કહેલ કે, સી.જી.એમ. સાહેબનું આમા કાંઈ નહિ ચાલે અને તેને પણ કટકા કરાવી નાખીશ અને તારા જેવા કેટલાય આવ્યા અને ગયા હવે તને બીલ નથી આપવું તારાથી થાય તે કરી લેજે. તેમ કહી ત્યાંથી નીકળી ગયેલ હતો.

જેથી ફરિયાદીએ એઈમ્સમાં કરેલ કામના રૂ.૧૫ લાખના બીલના રૂ.૪.૭૦ લાખ આરોપીએ આપી બાકીના રૂ.૧૦.૩૦ લાખ આપી કોન્ટ્રાકટરને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી મારી નાંખવાની ધમકી આપતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# દિકરી દૂધ પીતી ન હોય, ચિંતામાં પિતાનો ઝેરી દવા પી આપઘાત

રાજકોના ઉમરાણી ગામની સીમમાં આવેલી વાડીમાં યુવકે મોનોકોટો ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. મૃતકનો પુત્રી દૂધ પીતી ન હોય તેના ટેન્શનમાં આવી પગલું ભર્યું હોવાનું પરિવારે જણાવતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની પ્રાપ્ત વિગત મુજબ ઉમરાણી ગામની સીમમાં આવેલી હકાભાઈ બકુતરાની વાડીમાં ખેત મજૂરી કામ કરતા શિવા રાજુભાઈ વાસકલ (ઉ.વ.૨૦)નામના યુવકે રાત્રીના સાડા આઠેક વાગ્યે શોચક્રિયા કરવા જવાનું કહી કપાસમાં છાંટવાની મોનોકોટો નામની ઝેરી દવા પી ઊલટીઓ કરવામાં લાગતા પરિવારજનો દોડી ગયા ગયા હતા મોઢામાંથી દવાની દુર્ગંધ આવતા તાકીદે રાજકોટ સિવિલ હોસ્પિટલએ ખસેડવામાં આવ્યો હતો પરંતુ સારવાર કારગત નીવડે પહેલા જ દમ તોડી દેતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી ઝરૂરી કાર્યવાહી કરી હતી. વધુમાં મળેલ વિગત મુજબ, આપઘાત કરનાર યુવક સાતેક મહિનાથી વાડીમાં પરિવાર સાથે રહી ખેત મજૂરી કામ કરતો હતો. સંતાનમાં લક્ષ્મી નામની દીકરી છે, તેમની પત્ની પુત્રીને મૂકીને જતી રહેલ છે. જે બે ત્રણ દિવસથી દૂધ પીતી ન હોઈ અને રડ્યા કરતી હોવાથી તેને દવાખાને પણ લઈ ગયા હતા એમ છતાં દૂધ ન પીતી હોઈ અને રડતી હોવાથી પોતાને લાગી આવતા ઝેરી દવા પી લીધી હોવાનું પરિવારે જણાવ્યું હતું. આગળની તપાસ આજીડેમ પોલીસે હાથ ધરી છે.

# રાજકોટ જિલ્લા બેંકના શાખા મેનેજરનું હાર્ટ એટેક આવતા મોત

રાજકોટમાં રૈયારોડ વિસ્તારમાં રહેતા અને આરડીસી બેંક મવડી બ્રાન્ચના મેનેજર તરીકે નોકરી કરતા આધેડનું હાર્ટ એટેકથી મુત્યુ નિપજતા પરીવારમાં શોક વ્યાપી ગયો છે.બનાવ અંગેની હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી યુનિ.પોલીસને જાણ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી છે. રૈયારોડ પર શાંતિ નિકેતન રેસીડેન્સી સામે આલાપ ગ્રીન નજીક શુભમ ડુપ્લેકસમાં રહેતા અને આરડીસી બેંક મવડી બાન્ચના મેનેજર તરીકે નોકરી કરતા ભાવેશભાઈ જેરામભાઈ ભુવા ઉ.વ.૪૬ ઘરે હતા ત્યારે બેભાન થઈ જતા તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિમાં ખસેડતા પરંતુ સારવાર મળે તે પુર્વે જ દમ તોડી દેતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી યુનિવર્સિટી પોલીસને જાણ કરતા પોલીસ દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈ અને એક બહેનમાં નાના હતા અને સંતાનમાં પુત્ર અને પુત્રી છે. અને હાર્ટ એટેકથી મુત્યુ નિપજયું હોવાનું જાણવા મળ્યું છે

# મૈત્રીકરારના ડખ્ખામાં યુવાન પર પ્રેમિકાના બનેવી સહિત ચાર શખસનો છરીથી હુમલો

ઓમનગર પાસેની પ્રિયદર્શન સોસાયટીમાં રહેતા વિપુલ ભાણજી પેઢડિયા નામના યુવાન પર લક્ષ્મીનગરના નાલાપાસે રહેતા લાલજી દિનેશ જીંજુવાડિયા, રોહીત ભરત, અજય અને રમણનો પુત્ર ભુરા સહિતનાએ ઝઘડો કરી છરીથી હુમલો કરતા ઈજા થવાથી હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ અંગે પોલીસે હાથ ધરેલી તપાસમાં ઈજાગ્રસ્ત વિપુલ પેઢડિયા લક્ષ્મીનગર મેઈન રોડપર શાકભાજીનો ધંધો કરે છે અને રાત્રીના વિપુલ તથા તેના પિતા- ભાઈ સહિતના વિપુલે પારુલ નામની યુવતી સાથે મૈત્રીકરાર કર્યો હોય તેના ઘેર હતા ત્યારે પારુલનો બનેવી લાલજી તેનો કૌટુંબિક ભત્રીજો રોહીત સહિતના ચારેય શખસ ઘેર આવ્યા હતા અને મૈત્રીકરારનો ખાર રાખીને પ્લાસ્ટિકના ભાઈ અને છરીથી હુમલો કરી ધમકી આપી નાસી છુટ્યા હતા. આ અંગે પોલીસે વિપુલ પેઢડિયાની ફરિયાદ પરથી ચારેય હુમલાખોર સામે ગુનો નોંધી શોધખોળ શરૂ કરી હતી. કાકા ઉપર હુમલોઃ શહેરના નવયુગપરામાં જૂની જેલના ઝાપા સામે રહેતા દેવજીભાઈ ઉર્ફે કાનાભાઈ ડાયાભાઈ ચોહાણ નામના પ્રૌઢ ઘેર હતા ત્યારે સોખડા રોડ પર રહેતો ભત્રીજો ભરત રામજી ચૌહાણ ઘેર રીક્ષા લઈને આવ્યોહતો. અને પૈસાની માગણી કરતા દેવજીભાઈએ પૈસા આપવાનો ઈનકાર કર્યો હતો અને ભરત ઉશ્કેરાયો હતો અને દેવજીભાઈ પર ધારિયાથી હુમલો કરી નાસી છુટ્યો હતો અને ઘવાયેલા દેવજીભાઈને હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ અંગે પોલીસે દેવજીભાઈની ફરિયાદ પરથી હુમલાખોર ભત્રીજા ભરત સામે ગુનો નોંધી શોધખોળ શરૂ કરી હતી.

# પાણી ઢોળવાની બાબતે માતા-પુત્ર પર હુમલો કરી ઝૂંપડામાં-વાહનમાં તોડફોડ

ભક્તિનગર રેલવે સ્ટેશન ઝૂંપડપટ્ટીમાં રહેતા લીલાબેન મફાભાઈ દધાણિયા નામની મહિલાની પડોશમાં કાજલબેન કિશન જમનપરિયા નામની મહિલા રહેતી હોય અને ઘરનું ગંદુપાણી-એંઠવાડ લીલાબેનના ઝૂંપડા પાસે નાખતી હોય તે નાખવાની ના પાડતા કાજલ તથા તેનો પતિ કિશન અને કિશનનો કાકાનો દીકરો ચીકુએ ઝઘડો કર્યો હતો અને લીલાબેન અને તેના પુત્ર મુકેશ પર છરી-ધોકાથી હુમલો કર્યો હતો અને બાદમાં ઝૂંપડામાં ઘૂસી ટીવી તોડી નાખ્યું હતું અને એક્ટિવા-રિક્ષામાં તોડફોડ કરી ધમકી આપી નાસી છુટ્યા હતા અને ઘવાયેલા માતા- પુત્રને હોસ્પિટલમાં ખસેડાયા અહતા.આ બનાવ અંગે પોલીસે લીલાબેન દધાણિયાની ફરિયાદ પરથી કાજલબેન કિશન જમનપરિયા, તેના પતિ કિશન અને ચીકુ કેશા વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ શરૂ કરી હતી.

# પડધરીના દારૂના ગુનામાં ફરાર રાજકોટના અલ્ફાઝ ગોઢાવીયાને ગ્રામ્ય એલસીબીએ દબોચી લીધો



રાજકોટ રૂરલ એલસીબી દ્વારા જણાવાયુ કે, રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને જિલ્લા એસપી હિમકર સિંહએ પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે ખાસ ડ્રાઈવનું આયોજન કરેલ હતું. જેથી એલ.સી.બી.ની ટીમ કાર્યરત હતી. દરમિયાન બાતમી મળી હતી કે, પડધરી પોલીસ મથકે નોંધાયેલ દારૂના ગુનામાં નાસતો ફરતો આરોપી અલ્ફાઝ યુનુસ ગોઢાવીચા (ઉ.વ.૨૮ રહે.મવડી ચોકડી શ્રીનાથજી સોસાયટી રાજકોટ) હાલ પડધરી વિસ્તારમાં છે. જેથી વોચ ગોઠવી તેને ઝડપી લીધો હતો અને પોલીસ મથકે સોંપવા તજવીજ કરી હતી. આ આરોપી સામે અગાઉ કુવાડવા રોડ પોલીસ મથકે દારૂનો ગુનો નોંધાયેલ છે. આ કામગીરી રાજકોટ રૂરલ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરા, પીએસઆઈ એચ.સી.ગોહીલના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. રવિદેવભાઈ બારડ, બ્રિજરાજસિંહ જાડેજા, રોહિતભાઈ બકોત્રા, બાલકૃષ્ણ ત્રિવેદી,અમિતસિંહ જાડેજા, કોન્સ્ટેબલ પ્રકાશભાઈ પરમાર, મેહુલભાઈ સોનરાજ વિગેરે સ્ટાફ દ્વારા કરવામાં આવેલ હતી.

# જેતપુરની સગીરાનું અપહરણ કરી ધોરાજીના સગીરે દુષ્કર્મ આચર્યું

## ભોગ બનનાર અને આરોપી બંને તરૂણ હોય પોલીસ પણ દ્વિધામાં મુકાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જેતપુરની સગીરાનું અપહરણ કરી ધોરાજીના સગીરે દુષ્કર્મ આચાર્યું હોવાનો કિસ્સો પ્રકાશમાં આવતા ખળભળાટ મચી ગયો છે. તરૂણ અને તરૂણી ઈન્સ્ટાગ્રામ થકી સંપર્કમાં આવ્યા હતા. આરોપી સગીરે સગીરાને ભગાડી ગયા બાદ જૂનાગઢ અને ધોરાજી ખાતે દુષ્કર્મ આચારેલ હતું. તેવું તપાસમાં ખુલવા પામ્યું છે. ભોગબનનાર અને આરોપી બંને તરૂણ હોય પોલીસ પણ દ્વિધામાં મુકાઈ હતી. જોકે આ ગુનામાં મદદગારી કરનાર આરોપી સગીરના માતા - પિતાની પણ ધરપકડ કરાઈ છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ, જેતપુર ખાતે રહેતી સગીરાને ધોરાજીના સગીર સાથે સોશિયલ મીડિયા એપ ઈન્સ્ટાગ્રામ થકી સંપર્ક થયો હતો. બંને ચેટ કોલિંગ કરવા લાગ્યા હતા. સગીરે ભોગબનનારને પ્રેમ જાળમાં ફસાવી લીધી હતી. લગ્નની લાલચ આપી હતી. પછી આરોપીએ જેતપુર ખાતે આવી સગીરાનું અપહરણ કર્યું હતું. બંને થોડા દિવસ જૂનાગઢ રહ્યા હતા. ત્યાંથી સગીરના ઘરે ધોરાજી આવ્યા હતા.

અહીં પણ તેવો થોડા દિવસ રહ્યા બાદ પોલીસને જાણ થતા પોલીસ સગીરના ઘરે પહોંચી હતી. જ્યાંથી સગીરાને મુક્ત કરાવી હતી. તેનું મેડિકલ ચેક અપ અને કાઉન્સિલિંગ કરાતા જૂનાગઢ ખાતે અને ધોરાજી ખાતે સગીરે ભોગ બનનાર સગીરા સાથે દુષ્કર્મ આચાર્યું હોવાનું જાણવા મળેલ. આ ઉપરાંત સગીર જયારે ભોગબનનારને તેના ઘરે ધોરાજી



લાવ્યો હતો.

ત્યારે સગીરના પિતા મહેન્દ્રભાઈ અને માતા વર્ષાબેને પોલીસને જાણ ન કરી બંનેને ઘરમાં આશરો આપ્યો હોય, જેથી તે બંનેને મદદગારીના આરોપસર પોલીસે અટકાયતમાં લીધા છે. આ અંગે જેતપુર સિટી પોલીસ મથકે પોક્સો અને દુષ્કર્મ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ થયો છે. વધુ તપાસ પીઆઈ પરમાર દ્વારા હાથ ધરવામાં આવી છે.